# એકમ આયોજન

– તાસ આયોજન :
  - એક જ વિષયાંગનો મુદ્દો
  - નક્કી કરેલા વિશિષ્ટ હેતુઓની સંખ્યા મર્યાદિત
– પણ.......વિવિધ , ઘણાં વિશિષ્ટ હેતુઓ હોય તો ?

# આજે શાળામાં અપાતું શિક્ષણ

- એક જ મુદ્દો ચાર પાંચ દિવસ સુધી.
- જુદા જુદા અનેક વિશિષ્ટ હેતુઓ
- એક જ વિષયાંગ વિવિધ રીતે
- એક જ તાસમાં અશક્ય....

પરિણામે શિક્ષક ચાર પાંચ તાસ સુધી એક જ મુદ્દાનું શિક્ષણ કરાવે છે.

જે એકમ આયોજન જ છે.

# એકમ આયોજનનો અર્થ

- હર્બાર્ટ – ૧૯૨૦ પછી અમલ
- "એકમ" ની વ્યાખ્યા અંગે મતમતાંતર
- એકમ એટલે સમાન કક્ષાવાળાં અધ્યયન અનુભવોનું સંકલન
  - A unit is an unified learning experiences.
  - A unit is a plan of instuction based on a significant art of learning

## એટલે કે...... સમાન અધ્યયન અનુભવો પૂરાં પાડતાં વિષયવસ્તુ/કૃતિને એકત્ર કરી તેનો સંપૂર્ણ એક એકમ બનાવવો........

## જે નીચેની રીતે થઈ શકે

- એક જ પાઠનાં જુદાં જુદાં પાસાંનાં શિક્ષણનું આયોજન કરીને...
- એક જ પાઠના વસ્તુનાં જુદાં જુદાં પાસાં પર તૈયાર કરેલા જુદા જુદા પાઠો યોજીને
- પાઠ્યપુસ્તકમાંથી સમાનભાવ ધરાવતી કૃત્તિઓ એકઠી કરી તેનો એકમ બનાવી
- કોઈ એક મુદ્દો કે વિષયાંગની આસપાસના સંબંધિત અધ્યયન અનુભવોની હારમાળા કરીને
  - બે પાઠ ભેગા કરીને ચાર પાંચ તાસ સુધી શિક્ષણ કાર્ય કરવું તે એકમ આયોજન નથી

# એકમ આયોજનનું મહત્વ

- શિક્ષણ પ્રક્રિયા સળંગ બને છે.
- વિષયાંગ વધુ સમૃદ્ધ રીતે શીખવી સકાય છે.
- શિક્ષણ કાર્યમાં સાતત્ય રહે છે.જેથી રસિક અને આનંદદાયી
- તમામ વિ.હેતુઓને પૂરતો ન્યાય
- વિદ્યાર્થીઓને વધુ અધ્યયન અનુભવો પૂરા પાડી શકાય
- દરેક મુદ્દો, હેતુ, પદ્ધતિ, સાધન પર પૂરતું ધ્યાન આપી શકાય છે
- શીખવવાના તમામ પાસાંને પુરતો ન્યાય

- જુદી જુદી પદ્ધતિઓનો વિનિયોગ
- મૂલ્યાંકન સધન અને વ્યવહારું
- સ્વાધ્યાયમાં રોચકતા અને વિવિધતા
- પુનરાવર્તનની પૂરતી તકો
- શિક્ષકને કામ કરવાનો પૂરતો અવકાશ
- શિક્ષણકાર્યમાં લચીલાપણું
- શિક્ષક આયોજનમાં સરળતાથી ફેરફાર કરી શકે છે
- વિદ્યાર્થીઓને વધુ સહભાગી બનાવી શકાય

# તાસ આયોજન અને એકમ આયોજન - તફાવત

- એક જ તાસ
- હેતુઓની સંખ્યા ઓછી
- અદાયાપનમાં ચીલાચાલુ પદ્ધતિનો ઉપયોગ
- ઓછી પદ્ધતિનો ઉપયોગ
- વિવિધ પ્રવૃત્તિ માટે ઓછો સમય
- અનુબંધને ઓછો અવકાશ

- ચાર થી છ તાસ
- હેતુઓની સંખ્યા વધુ
- નવી પદ્ધતિનો ઉપયોગ કરવાની અનુકૂળતા
- વધુ પદ્ધતિનો ઉપયોગ
- વિવિધ પદ્ધતિઓ માટે પૂરતો સમય
- અનુબંધ કરવાની પૂરતી તક

- શૈ.સાધનનો ઓછો ઉપયોગ
- દરેક તાસનું અલગ આયોજન
- દરેક તાસમાં મૂલ્યાંકન
- મૂલ્યાંકન ચીલાચાલુ
- સ્વાધ્યાય કંટાળાજનક
- નિદાન-ઉપચારની તક નથી
- જ્ઞાનને વધુ મહત્ત્વ
- ઓછું રસિક

- શૈ.સાધનનો પૂરતો ઉપયોગ
- એક જ વાર-સળંગ આયોજન
- અંતિમ તાસમાં જ મૂલયંકન
- મૂલયાંકનમાં વિવિધતા
- સ્વાધ્યાય રસિક
- નિદાન-ઉપચારની વિપુલ તકો
- ક્રિયાને મહત્ત્વ
- રસિક

# એકમ આયોજનનાં સોપાનો

૧. એકમનું નામ
૨. પેટા એકમો
૩. સામાન્ય અને વિશિષ્ટ હેતુઓ
૪. વિષયવસ્તુના મુદ્દા
૫. ખ્યાલ અને સંકલ્પનાઓ
૬. અધ્યાપન પદ્ધતિ
૭. શૈક્ષણિક સાધનો
૮. અધ્યયન પ્રવૃત્તિ
૯. મૂલ્યાંકન
૧૦. સ્વાધ્યાય
૧૧. સંદર્ભ સાહિત્ય
૧૨. કા.પા.કામ

# દરેક સોપાનની સમજ

૧. **એકમનું નામ :**

મુદ્દા કે વિષયાંગને ધ્યાનમાં રાખીને એકમનું નામ જાતે નક્કી કરવું........એક જ પાઠ હોય તો તે પાઠનું નામ લખવું

૨. **પેટા એકમો :**

- મુખ્ય એકમને નાના એકમોમાં વહેંચવામાં આવે છે. જે દરેક નાના એકમને પેટા એકમ કહીંશું.
- ચાર, પાંચ કે છ જેટલાં એકમ એટલા તાસ
- દા.ત.- તાસ : ૧...............
  - તાસ : ૨................
  - તાસ : ૩................

## ૩. સામાન્ય અને વિશિષ્ટ હેતુઓ

દરેક સામાન્ય હેતુની સાથે તેના વિશિષ્ટ હેતુઓ લખવામાં આવે છે.

## ૪. વિષયવસ્તુના મુદ્દા

તાસ પ્રમાણે વિષયવસ્તુના મુદ્દા નોંધવા જોઇએ

દા.ત...... - તાસ : ૧

(૧)......(૨).......(૩).........(૪)......

- તાસ : ૨

(૧)......(૨).......

- તાસ : ૩

(૧)......(૨).......(૩).........

૫. ખ્યાલ-સંકલ્પનાઓ

જે સંકલ્પના કે ખ્યાલો સ્પષ્ટ કરવાના છે તેની યાદી રજૂ કરવી

૬. અધ્યાપન પદ્ધતિ :

જે પદ્ધતિ કે પ્રયુકિતનો ઉપયોગ કરવાના છો તેના માત્ર નામ લખવામાં આવે છે.

૭. શૈક્ષણિક સાધનો :

જે જે શૈ.સાધનોનો ઉપયોગ કરવાના છો તેના માત્ર નામ અહીં રજૂ કરવામાં આવે છે.

૮. અધ્યયન પ્રવૃત્તિ :

વિદ્યાર્થીઓ વ્યકિતગત રૂપે, જૂથમાં, વર્ગ કે વર્ગ બહાર જે જે પ્રવૃત્તિઓ કરવના હોય તેની યાદી રજૂ કરવામાં આવે છે.

૯. મૂલ્યાંકન :

- મૂલ્યાંકન કસોટીની રચના કરવામાં આવે છે.
- અંતિમ તાસમાં લેવામાં આવે છે.
- લેખિત કે મૌખિક

૧૦. સ્વાધ્યાય :

- દરેક તાસના અંતે સ્વાધ્યાય આપવામાં આવે છે.

૧૧. સંદર્ભ સાહિત્ય :

- સમગ્ર એકમ આયોજન દરમિયાન ઉપયોગમાં લીધેલ સાહિત્યની નોંધ કરવામાં આવે છે.

૧૨ કા.પા.કામ;

- તાસ પ્રમાણે કા.પા. કામ નોંધવામાં આવે છે.

# એકમ આયોજનના પાઠનો નમૂનો